રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૨૯૫ કેસ

કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૩૬ પર પહોંચ્યો : એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૬૩૫૧ પર પહોંચી, જ્યારે ૮૨ વેન્ટીલેટર પર અને ૮૭૪૭૯ ડિસ્ચાર્જ

૨૪ કલાકમાં રાજયમાં કોરોનાના કુલ ૭૨,૦૭૬ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૨૯,૨૫,૪૪૭ થયો છે. રાજ્યમાં ૧૨૯૫ નવા દર્દીઓ સામે ૧૪૪૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૮૭,૪૭૯ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૦૮.૮૬ ટેસ્ટ થાય છે.રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૮૫,૫૦૦ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૮૫,૦૩૩ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૪૬૭ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૬૩૫૧ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૨૬૯ની સ્થિતિ સ્ટેબલ છે.રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. કોરોના વાયરસની મહામારીના કારણે છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશનમાં ૩-૩, રાજકોટ કોર્પોરેશનમાં ૨, સુરતમાં ૩ તેમજ ગાંધીનગર અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ એમ કુલ ૧૩ મોત સાથે જ હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૧૩૬ થયો છે. અમદાવાદ શહેરમાં ૧૪૭ અને જિલ્લામાં ૨૨ સાથે કુલ ૧૬૯ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૨૮૬૫ થયો છે. આજે ૩ મોત નોંધાતા કોરોનાને લીધે ૧૭૪૧ કુલ મોત નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૭ અને જિલ્લામાં ૮૮ સાથે કુલ ૨૬૫ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૨૮૮૮ થયો છે. આજે ૬ મોત સુરતમાં કોરોનાને લીધે નોંધાતા કુલ મોત ૬૭૪ થયા છે.વડોદરા શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૪૦ સાથે ૧૨૪ કેસ નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૫૮૪૬ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા કુલ મોત ૧૦૨ થયા છે. ૯૧૮૯ થયો છે. જ્યારે વધુ ૧ મોત સાથે કુલ મોત ૧૪૩થયો છે. રાજકોટ શહેરમાં ૯૮ અને જિલ્લામાં ૩૬ સાથે કુલ ૧૩૪ કેસ નોંધાતા કોરોના સંક્રમિતનો આંકડો ૫૮૪૬ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા કુલ મોત ૧૦૨ થયા છે.

અરવલ્લી-સાબરકાંઠામાં પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ યથાવત, પાંચના મોત

ચેકડેમમાં ડૂબેલ રેલ્યો ગામના યુવકનો મૃતદેહ એનડીઆરએફને ચોથા દિવસે હાથ લાગી

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ચાલુ વર્ષે સતત પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ બની રહી છે. છેલ્લા ૪૮ કલાકમાં વધુ ૫ લોકો પાણીમાં ઘરકાવ થવાથી મોત નિપજતા ભારે ચકચાર મચી છે. મેઘરજના પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય યુવક વાત્રક નદીના ચેકડેમમાં ડૂબી જતા સ્થાનિક તરવૈયા અને ફાયરબ્રિગેડની ટીમે શોધખોળ હાથ ધરી હતી અને એનડીઆરએફ ટીમની મદદ લેવાઈ હતી, જેમાં ૪ દિવસની ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ મળી આવતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. તંત્રએ ૪ દિવસની ભારે જહેમત બાદ મૃતદેહ મળી આવતા હાશકારો અનુભવ્યો હતો. માલપુરના પીપરાણા ગામે ખેતરમાં રખેવાળી કરવા ગયા બાદ તેમનો મૃતદેહ કુવામાંથી મળી આવતા પોલીસે

ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઈડર તાલુકાના ભાદરડી ગામના યુવકનો મૃતદેહ ભિલોડાના ચોરીમાલા ગામ નજીક પસાર થતી હાથમતી નદીમાંથી મળી આવ્યો હતો. હિંમતનગર મોતીપુરા કેનાલમાં ડૂબી જતા અને હરસોલ ગામ નજીક અન્ય એક શખ્સનું ડૂબી જતા મોત નીપજ્યું હતું.

મેઘરજનગરની વાત્રક નદીના ચેકડેમ પરથી પગ લપસી જતાં પહાડીયા રેલ્યો ગામનો ૩૬ વર્ષીય યુવક નદીના પાણીમાં ગરકાવ થયાના ચોથા દીવસે ગાંધીનગરની એનડીઆરએફ ટીમને કમલેશ સોમાભાઈ રાવળનો મૃતદેહ મળી આવતા સતત ચાર દિવસથી ખડેપગે ઉભેલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. મેઘરજ પોલીસે મૃતક યુવકનો મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર તાલુકાના પીપરાણા ગામે ખેતરમાં ઉભા પાકને બચાવવા રખેવાળી કરવા ગયેલા ચમાર જેઠાભાઈ હીરાભાઈનો મૃતદેહ કુવામાંથી મળી આવતા ચકચાર મચી હતી. મૃતક ખેડૂત ખેતરના ઉભા પાક પર ત્રાટકેલ નીલ ગાયના ટોળાને ભગાડવા જતા અકસ્માતે કુવામાં ખાબકતા મોત નીપજ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક ખેડૂતના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા સહિત જિલ્લામાં પોલીસ બંદોબસ્ત વચ્ચે ગાયો છોડી દેવાઈ

સરકારી સહાય મુદ્દે ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોમાં ભારે આક્રોશ

ડીસા, તા. ૮

કોરોના મહામારી વચ્ચે આજે મંગળવારે બનાસકાંઠા જીલ્લામાં ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકોનું આંદોલન અપેક્ષા મુજબ ઉગ્ર બન્યુ છે. દેવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોમાં અબોલ જીવોને સહાય મુદ્દે સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી અંતે ગાયોને પરત ગૌશાળામાં લઈ જવાઈ હોવાનું સામે આવ્યુ છે. લોકડાઉન બાદ દાતાઓનું દાન બંધ થઈ જતા અને ચોમાસામાં ઘાસચારો પણ બગડી જતા સંચાલકો માટે અબોલ જીવો

ગઈકાલે કલેક્ટર કચેરીએ ધરણાં ઉપર બેસવા બાદ પણ કોઈ નિર્ણય ન આવતા આજે ગૌશાળા અને પાંજરાપોળના તમામ પશુઓને રોડ ઉપર લાવીને ચક્કાજામ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો પશુઓ રોડ અને હાઈવે ઉપર છોડે તે પહેલાં પોલીસ બંદોબસ્ત ગોઠવી રહી છે. આ તરફ ડીસાની ટેટોડા, માલગઢ, કાંટ, ભાભર, થરા, દિયોદર અને થરાદ તાલુકાની ગૌશાળાના પશુઓને આજે મુખ્ય માર્ગો ઉપર છોડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં અમુક જગ્યાએ પશુઓને માર્ગ ઉપર છોડી પણ દેવામાં આવ્યા હતા. તો અમુક જગ્યાએ પોલીસ અને સ્થાનિક આગેવાનોની સમજાવટને બચાવવા મુશ્કેલ થઈ ગયા છે તેમછતાં સરકારે પશુ દીઠ સહાય પણ બંધ કરી દીધી છે જે સહાય મેળવવા સંચાલકોએ નાછૂટકે આંદોલન છેડયું છે છતાં સંવેદનશીલ સરકારનો દાવો કરતી રૂપાણી સરકાર નિષ્ઠુર બની તમાશો નિહાળે છે તેથી આગામી સમયે આંદોલન વધુ ઉગ્ર બનાવાશે તેમ સંચાલકોએ જણાવ્યું હતુ.

અરવલ્લી જિલ્લા પેન્શનર મંડળની જનરલ કારોબારી યોજાઈ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા પેન્શનર મંડળની જનરલ કારોબારી

યોજાઈ હતી. આ કારોબારી મોડાસા નિવૃત તિજોરી અધિકારી શંકરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે અમૃતલાલ આર. પંચાલ, (ઈસરી-મેઘરજ) મહામંત્રી તરીકે ધનસુરાના ગોવિંદભાઈ એસ. પટેલ તથા મંત્રી તરીકે દિનેશભાઈ ભટ્ટની નિમણૂક કરવામાં આવી હતી. આ હોદ્દેદારોની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પૂર્વ

પ્રમુખ ગિરીશભાઈ સોની માલપુરની કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી. પેન્શનર કચેરીના ક્લાર્ક યશભાઈ સુતરિયાએ પણ માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત રાજ્ય પેન્શનર ફેડરેશન અરવલ્લીના ટ્રસ્ટી હસમુખભાઈ એમ. પટેલે તમામને અભિનંદન આપ્યા હતા.

બાયડની શ્રીનાથજી પાર્ક સોસાયટીમાં તસ્કરોએ હાથ સાફ કર્યા : ૧.૨૯ લાખથી વધુની ચોરી

બાયડ, તા. ૮

બાયડમાં તસ્કરોએ એક પછી એક સોસાયટીઓને નિશાન બનાવી ચોરીને અંજામ આપવામાં આવી રહ્યો છે. ત્યારે બાયડ પોલીસ પોતાની મસ્તીમાં મસ્ત બની રહેતા તસ્કરોને ખુલ્લું મેદાન મળી ગયું હોય તેવું રીતસર દેખાઈ આવે છે. બાયડની શ્રીનાથજી સોસાયટીમાં તસ્કરોએ સોમવાર રાત્રિના સુમારે રમણલાલ કાનજીભાઈ બારોટના બંધ મકાનનો દરવાજામાં લગાવેલ તાળું તોડી અંદર પ્રવેશી તિજોરીમાં રહેલ સામાન રફેદફે કરી અંદર રહેલ સોના ચાંદીના ઘરેણા તથા રોકડ રકમ મળી કુલ ૧.૨૯ લાખની તસ્કરી કરતા સોસાયટીમાં ભયનો માહોલ છવાયો હતો. જ્યારે સોમવાર રાત્રિના સુમારે પણ બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં

તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરો એક પછી એક ચોરીઓને અંજામ આપી રહ્યા છે ત્યારે પોલીસ હાથ ઉપર હાથ ધરી તમાશા જોઈ રહી છે. સબ સલામતીની વાતો કરતી બાયડ પોલીસ તસ્કરોને ક્યારે પકડ કે તે જોવાનું રહ્યું તસ્કરોને ઝડપથી પકડવામાં આવે એવી માંગણી લોકોએ ઉઠાવી હતી.

જુનાડીસાની સીમમાં ખેતરમાં જવાનો રસ્તો બંધ કરી દેવાયો

ડીસા, તા. ૮

ડીસા તાલુકાના જુનાડીસા ગામના સર્વે નં. ૪૮૩ મા ખેતીની જમીન ધરાવતા ચાર ખેડૂતોનો વર્ષોજુનો રસ્તો ત્રણ માથાભારે

ખેડૂતોએ પચાવી પાડવાનો કારસો રચ્યો છે. ખેતરોમાં જવાનો બીજો કોઈ રસ્તો ન હોઈ ખેડૂત પરિવારોની હાલત કફોડી બનવા પામી છે.

નોટબંધી અને લોકડાઉન બાદ પણ મોંઘા ભાવની જમીનો પચાવી પાડવાના બનાવો યથાવત રહેવા પામ્યા છે તેથી રાજય સરકારે જમીન માફિયાઓને પાસામાં પુરવાનો કાયદો ઘડવાની કવાયત હાથ ધરી છે ત્યારે જમીન હડપવાના વધુ એક બનાવની મળતી વિગતો મુજબ ડીસાના ઈશ્વરભાઈ મોહનભાઈ લોધા, કમલેશભાઈ કાળીદાસ લોધા, રમેશચંદ્ર બાબુલાલ લોધા અને કુંદનસિંહ લક્ષ્મણસિંહ લોધા જુનાડીસાના સર્વે નં. ૪૮૩ માં વડીલોપારજીત હે. આરે. ૧-૮૩-૭૦ ચો.મી. જમીન સયુંકતપણે ધરાવે છે. જૂની શરત પ્રમાણેની આ ખેતીની જમીનનો રસ્તો લોધા નારાયનભાઈના ખેતરમાંથી પસાર થાય છે. જે રસ્તેથી તેઓ અને તેમના ખેતમજૂર તથા વાહનો વર્ષોથી પસાર થાય છે. પરંતુ હાલમાં દિલીપભાઈ નારાયણભાઈ લોધા, ભોગીલાલ નારાયણભાઈ લોધા અને સોનુભાઈ ભોગીલાલ લોધા નામના માથાભારે શખ્સોએ રસ્તો ખેડી નાખી તેમાં વાવેતર કરી કાયમનો રસ્તો પચાવી પાડવાનો કારસો રચ્યો છે. અન્ય કોઈ રસ્તો ન હોઈ તેમને ખેતરે જવું મુશ્કેલ થઈ ગયું છે આ બાબતે સમજાવવા જતા આ શખ્સો 'ચોરી ઉપરથી શીનાજોરી' દાખવી ઉશ્કેરાઈ જઈ જીવલેણ હુમલો કરી મારી નાખવાની ધમકી આપી રસ્તો નહિ મળે થાય તે કરી લેવાની દમડાટી પણ આપી હતી.

અગાઉ પણ આ માથાભારે અને ઝનૂની શખ્સો વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. તેથી પોલીસ અધિકારી દ્વારા તેમનો જવાબ પણ લેવાયો હતો. તેમછતાં આ શખ્સોએ રસ્તો બંધ કરી જોહુકમી દાખવી છે તેથી પીડિત ખેડૂતોએ નાયબ કલેકટર સહિત ઉચ્ચ સ્તરે રસ્તો ખુલ્લો કરાવી માથાભારે શખ્સોના પાકા જામીન લેવાની રજુઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે.

હિંમતનગર શહેર-તાલુકામાં કોરોનાના સાત સાથે નવા ૧૦ કેસ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર શહેર અને તાલુકામાં મળી છેલ્લા ૨૪ કલાકમાં નવા સાત કેસ નોંધાયા છે અને તલોદ તથા ઈડરમાં મળી કુલ આંકડો ૧૦ સાથે જિલ્લામાં અત્યાર સુધી ૭૨૯ કેસ નોંધાઈ ચુકયા છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સોમવારે સાંજે પાંચ વાગ્યાથી મંગળવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા ૧૦ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર શહેર અને તાલુકામાં સાત કેસ છે. જેની વાત કરીએ તો હિંમતનગરના શિલ્પ બંગ્લોઝમાં ૭૫ વર્ષીય મહિલા મોતીપુરાની અક્ષર સોસાયટીમાં ૫૮ વર્ષીય પુરૂષ, પી.ડબલ્યુ.ડી. ક્વાર્ટર્સમાં ૫૮ વર્ષીય મહિલા તથા શ્રદ્ધાપાર્ક સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના હડીયોલ ગામના ૩૦ વર્ષીય પુરૂષ, હાજીપુરમાં ૩૫ વર્ષીય મહિલા તથા હુંજ ગામમાં રહેતા ૫૨ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટે આવી ગયા છે. તેજ પ્રમાણે ઈડરની કલરવ સોસાયટીમાં ૫૩ વર્ષીય મહિલા તથા સુકુન બંગ્લોઝમાં ૩૮ વર્ષીય મહિલા અને તલોદના મતદાર વાસમાં ૪૩ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા ઉપરોક્ત તમામ વિસ્તારોમાં ચિંતાની લાગણીમાં વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૧૦ થી વધુ રહ્યો છે. ત્યારે મંગળવાર સુધીમાં આ આંક ૭૨૯ પર પહોંચી ગયો છે અને તે પૈકી ૬૪૦ લોકો સાજા થયા હોવા છતાં ૮૧ લોકો સારવાર હેઠળ છે.

વધુ ૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણના ૬૧ વર્ષીય પુરૂષ, પાલૈયા દહેગામના ૬૫ વર્ષીય પુરૂષ અને અડાલજના ૬૧ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા સાથે મૃત્યુનો આંક પણ વધી રહ્યો છે તેમજ મહિલા દર્દીઓની સંખ્યાને લઈ તંત્રની ચિંતા ઘેરી થતી જાય છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આજે જે કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૨, કલોલમાંથી ૭ અને દહેગામના એક કેસનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોટસ્પોટ અડાલજમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૬૧ વર્ષીય પુરૂષ અને ૫૨ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. વાસણ ગામેથી પણ ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડ ગામેથી ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આલમપુર સ્થિત મિલીટ્રી સ્ટેશનમાં આજે એક જ દિવસમાં પાંચ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. અહિંથી ૨૯ વર્ષીય પુરૂષ, ૪૦ વર્ષીય પુરૂષ, ૩૭ વર્ષીય પુરૂષ, ૩૧ વર્ષીય પુરૂષ અને ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી પણ આજે કોરોનાના વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૧ વર્ષીય પુરૂષ અને ૪૭ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતાને વધુ ઘેરી બનાવી છે. દહેગામ અર્બનમાંથી આજે એક કેસ મળી આવેલ છે. ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાંથી આજે સાત કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી પાંચ અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. સેમી અર્બન વિલેજ ગણાતા બોરીસણા ગામેથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મોટી ભોંયણ ગામેથી ૧૫ વર્ષીય કિશોરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાંતેજમાંથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાંતેજમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૪૪ વર્ષીય પુરૂષ અને ૨૧ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. કલોલ અર્બન વિસ્તાર-૨ માંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૫૮ વર્ષીય પુરૂષ અને ૬૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૨૦,૧૨૬ લોકોનો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

લાઈન નહીં લાગે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યમાં વિધાનસભાની આઠબેઠકોની પેટાચૂંટણી પછી સ્થાનિક ચૂંટણી થવાની છે તેથી ટિકીટ મેળવવા ઇચ્છુક સભ્યો અત્યારેપાર્ટી લાઇનમાં એટલે કે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની ધરીમાં જોડાઇ રહ્યાં છે.

ગુજરાતમાં મહાનગરોની ચૂંટણીમાં કોંગ્રેસને સત્તા મળી શકે તેમ નથી તે ભાજપ સારી રીતે જાણે છેઅને ભાજપના નેતાઓ પણ માને છે કે અમે કોઇપણ ઉમેદવાર ઉભો રાખીશું પરંતુ તે ભાજપનાસિમ્બોલ પર ચૂંટણી જીતીને આવશે. ગુજરાત કોંગ્રેસ રાજ્યના શહેરી વિસ્તારમાં પ્રભુત્વ ધરાવતીનથી અને પ્રભુત્વ ઉભું થાય તેવા પ્રયાસો પણ થતાં નથી, એ સમયે ભાજપને ઉમેદવારો બદલવાનોચાન્સ મળી રહ્યો છે.

૧૫ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. જી.એસ.ડી.સી.માં નોકરી કરતા અને સે. ૨૪માં રહેતા ૩૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૪ માંથી આજે વધુ ૨ કેસ મળ્યા છે. કોરોનાને લઈ સે. ૧૪ એ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. મળતી વિગતો પ્રમાણે ગુજરાત હાઈકોર્ટમાં નાયબ સેક્શન અધિકારી તરીકે સેવાઓ બજાવતા ૩૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૪માંથી જ એક ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૧૯ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માંથી એક ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૨ માં રહેતા અને ખાનગી ધિરાણ કંપનીમાં એડમીન તરીકે સેવાઓ આપતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૩ માં રહેતા અને ઓનલાઈન વેપાર સાથે સંકળાયેલ એક ૨૯ વર્ષીય યુવાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સુધરી રહ્યો છે પણ વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં મોટી સંખ્યામાં લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. શહેરમાં આજે ૭૬ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૧૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન ૨૨૫ અને ૧૪ હજારથી વધુ વસ્તીને આવરી લેવામાં આવેલ છે.

ભાદરવો તપ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરવાસીઓ બફારો પણ અનુભવી રહ્યા છે. થોડા દિવસોથી વરસાદે વિરામ લીધો છે. નાગરિકોએ પણ હાંશકારો અનુભવ્યો છે. શહેરમાં સિઝનનો સો ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. ત્યારે વરસાદી વાદળો હટતા ભાદરવાનો તાપ પણ હવે રોજબરોજ આકરો બની રહ્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ૩૩ થી ૩૪ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. જેના લીધે બપોરનો તાપ પણ વધુ આકરો અનુભવાય છે. સેકટરોમાં એકબાજુ વરસાદી સમસ્યાઓ વધી છે. ત્યારે ઉઘાડ નિકળતા સફાઈ અને દવા છંટકાવ સહીત માર્ગો પરના ગાબડા દુર કરવા માટે પણ તંત્રએ યુધ્ધના ધોરણે કામે લાગવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

પ્રમુખની ચૂંટણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયતોની સામાન્ય ચૂંટણી પહેલાં તાલુકા પંચાયતની આ ચૂંટણી એ ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી છે. ચૂંટણીને લઈ અફવા બજારમાં પણ તેજી જોવા મળી રહી છે. ગાંધીનગર તાલુકા પંચાયતના નવ સભ્યોના સભ્યપદ રદ કરવાના પ્રસિદ્ધ થયેલા જાહેરનામા પછી હવે તાલુકા પંચાયતમાં ૨૭ સભ્યો રહે છે જેમાં કોંગ્રેસના ૧૬ અને ભાજપના ૧૧ સભ્યો છે. બન્ને પક્ષોએ સત્તા માટે એડીચોટીનું જોર લગાવ્યુ છે.

સ્ટેમ્પ ડ્યુટી ઘટાડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેક્ટરને પ્રોત્સાહન આપવાનો અને આગામી સમયમાં આ જ પ્રકારે વધુ પગલાની જાહેરાત કરાશે. ચૌહાણે જણાવ્યું કે લોકડાઉનને પગલે આર્થિક ગતિવિધિ થંભી ગઈ હતી. રિયલ એસ્ટેટ સેક્ટર પણ પ્રભાવિત થયું હતું કારણ કે લોકોની આર્થિક ક્ષમતામાં ઘટાડો થયો હતો.

શૂટઆઉટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સેનાએ પેંગોંગ સો તળાવના દક્ષિણ છેડે નજીક શેનપાઓ ટેકરી પર એલએસીને પાર કરી હતી. ભારતીય સૈનિકોએ વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો, પીએલએની સરહદ પેટ્રોલીંગના સૈનિકો પર ચેતવણી આપતા ગોળીબાર કર્યો, ત્યારબાદ ચીની સૈનિકોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા પગલાં ભરવા પડ્યાં. પીએલના વેસ્ટર્ન થિયેટર કમાન્ડરના પ્રવક્તા ઝાંગ શુઈએ ભારત પર આરોપ લગાવતા કહ્યું હતું કે, 'ભારતીય પક્ષે દ્વિપક્ષીય કરારનું ઉલ્લંઘન કર્યું છે. આનાથી વિસ્તારમાં તનાવ અને ગેરસમજો વધશે. આ ગંભીર લશ્કરી ઉશ્કેરણી છે.

બીજી મહામારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બર ૨૦૧૯માં ચીનમાં પ્રથમ કેસની ઓળખ થઈ હતી. ત્યારથી વિશ્વના ઘણા દેશોમાં તેનું સંક્રમણ વધી રહ્યું છે અને હવે તેને નિયંત્રિત કરવું મુશ્કેલ છે. ડબલ્યુએચઓના વડા ટેડ્રોસે જેનેવામાં એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન કહ્યું કે 'આ છેલ્લો રોગચાળો નથી. ઈતિહાસ અનેક રોગચાળોનો સાક્ષી રહ્યો છે. આ રોગચાળો જીવનની હકીકત છે. તે સમાપ્ત થતા નથી. પરંતુ વિશ્વમાં બીજો રોગચાળો આવે તે પહેલાં આપણે સંપૂર્ણ તૈયારીઓ કરવી જોઈએ. હાલની સરખામણીએ પણ વધારે તૈયાર રહેવું જોઈએ. વિશ્વના ઘણા દેશોમાં કોરોના વાયરસની રસી વેક્સીનને લઈને ટ્રાયલ અંતિમ તબક્કામાં છે.

રિયાની ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેને ડ્રગ્સ લેવાનું પણ કહ્યું હતું. રિયાએ કહ્યું કે તે શ્યોર નથી પરંતુ શક્ય છે કે તે તેણે મારિજુઆના (એક પ્રકારનો ગાંજા)નું સેવન કર્યુ હોય. રિયાની ધરપકડ પછી બિહારના ડીજીપી ગુપ્તેશ્વર પાંડેએ કહ્યું કે, 'રિયા ચક્રવર્તી એક્સપોઝ થઈ ગઈ છે. તેનું ડ્રગ પેડલર્સ સાથે કનેક્શન હતું. હવે આ વાત સામે આવી છે અને આ કારણે જ તેની ધરપકડ કરવામાં આવી છે.